

# સીમ્સ ફાઉન્ડેશન

આપનું સમર્થન અમને **જીવન બચાવવામાં** મદદ કરશે,

**ઉદારતાપૂર્વક દાન** કરો અને **જીવન બચાવો**



"સમૃદ્ધ લોકોએ સરળ રીતે વધુ જીવવું જોઈએ,
જેથી ગરીબો સરળતાથી જીવી શકે"
- મહાત્મા ગાંધી

## ચેરમેનશ્રી નો સંદેશ

"તમારા કાર્યનું શું પરિણામ આવશે, તે શકય છે તમને કયારેય ખબર ન પડે, પણ જો તમે કોઈ કાર્ય જ નહી કરો, તો કોઈ જ પરિણામ આવશે નહી" - મહાત્મા ગાંધી

વોરન બફેટની સુંદર પંક્તિ (મારા આદર્શ) "કોઈ આજે છાંયામાં બેઠું છે કારણ કે કોઈએ લાંબા સમય પહેલા એ વૃક્ષનું વાવેતર કર્યું હતુ". ચાલો આપણે સોસાયટીના ભાઈઓ-બહેનો માટે છાંયો બનીએ તે માટે ચાલો વૃક્ષ વાવવાનું ચાલુ કરીએ.

ભારતમાં દર વર્ષે અગણિત લોકોના મૃત્યુ થાય છે, જેના અનેક કારણો છે, પરંતુ તેમાંથી સૌથી પડકારરૂપ છે સમયસર સેવાઓ અને સારવાર ન મળવી અને નાણાકીય મુશ્કેલીઓના કારણે સારવાર ન મળવી તે પણ.

સીમ્સ ફાઉન્ડેશન દ્વારા, જે લોકો અને તેમના પરિજનો જરૂરિયાતમંદ હોય છે અને જેઓને નાણાકીય અગવડતા હોય છે, તેવા પ્રકારના લોકોને મદદ કરવા માટે અમે પ્રથમ પગલું માંડ્યુ છે. હું ઈચ્છું છું કે તમે મારી સાથે આ કાર્યમાં જોડાવો, જે થકી આવા વ્યક્તિઓને, માત્ર જીવન જીવવામાં મદદ જ નથી મળતી, પરંતુ તે ઉપરાંત તેઓ ખુશી થી જીવી શકે છે.

મે અને મારા અનેક સહ કાર્યકરો એ આ માટે ઘણું નાણાકીય યોગદાન આપ્યું છે અને તમારા લોકોના સાથ-સહકાર સાથે આ યોગદાન આપતા રહીશું. મારો ધ્યેય છે કે હું મારા શ્રેષ્ઠ પ્રયત્નો અને શક્તિ, સીમ્સ માં દાખલ થતા એવા જરૂરીયાતમંદ દર્દીઓ કે જેવો નાણાંકીય અભાવે સારી સારવાર નથી મેળવી શકતા તેવા દર્દીઓનું જીવન સુધારવા પાછળ વાપરું જેમાં, તેમની જાતિ, ધર્મ, સામાજિક પ્રતિષ્ઠા કે પ્રાંત સાથે કોઈ સુસંગતતા ન હોય.

ચાલો ભીડ થી અલગ તરી આવીએ અને સીમ્સ ફાઉન્ડેશનમાં દાન કરીને આપણા જીવનનો એક મહત્ત્વનો ભાગ સમર્પિત કરીએ (તેવા લોકો અને દર્દીઓ ને કે જે ભલે આપણા માટે અજાણ્યા છે, પણ આ સમાજનો એક અભિન્ન ભાગ છે). આ કાર્ય માટે તમારું સમર્થન ખૂબ જ જરૂરી અને અમૂલ્ય માનવામાં આવશે અને જરૂરિયાતમંદ અને નાણાકીય સ્તરે અગવડતા ધરાવતા દર્દીઓને શ્રેષ્ઠ તબીબી સેવાઓ આપી તેમને મદદરૂપ થવામાં સહભાગી થઈ શકીએ. હું તમને ખાતરી આપું છું કે તમારું સમર્થન અને અમારા પૂરતા પ્રયત્નો વ્યર્થ નહી જાય.

આભાર સહ,

**કેયૂર પરીખ**
ચેરમેન - સીમ્સ ફાઉન્ડેશન

## સીમ્સ ફાઉન્ડેશનની ઝલક

સીમ્સ ફાઉન્ડેશન એ એક અમારું પ્રથમ પગલું છે જેના દ્વારા અમે નાનામાં નાના લોકોને વધુ સારી તબીબી સેવાઓ મળી રહે, તેવું એક માળખું ઊભું કરી શકીએ આની શરૂઆત આ હોસ્પિટલના સ્થાપક ડૉક્ટરોના યોગદાન દ્વારા થઈ હતી અને હવે આ હોસ્પિટલના સંસાધનોને વિસ્તૃત કરવા માટે જરૂર છે આપ સૌની મદદની, જેથી આ સેવાઓ અને પ્રયત્નોને તમામ જરૂરિયાતવાળા દર્દીઓ સુધી તેમની સારવાર માટે પહોંચાડી શકાય, જેથી કોઈ દર્દી ધન થી ગરીબ હોય પરંતુ મનથી નહી.

દર વર્ષે લગભગ ૭૦૦ થી વધુ દર્દીઓને સીમ્સ ફાઉન્ડેશન અને સીમ્સ સીએસઆર પ્રોગ્રામ, દ્વારા તેમની સીમ્સ હોસ્પિટલમાં સારવાર તથા મદદ કરવામાં આવે છે. વિશ્વભરથી આવેલ હૃદય રોગના દર્દીઓ, બાળકો, કેન્સરના દર્દીઓ, ઈજા થયેલ દર્દીઓ, કિડનીના દર્દીઓ, સ્ત્રીરોગના અને સગર્ભા દર્દીઓ, વૃદ્ધ દર્દીઓ, જ્ઞાનતંતુના રોગવાળા દર્દીઓ અને અન્ય જરૂરિયાતવાળા દર્દીઓનો સમાવેશ થાય છે.

## સીમ્સ ફાઉન્ડેશનમાં આપના ઈચ્છનીય અનુદાન માટે

**ભેટના સ્વરૂપમાં :** ભેટ સ્વરૂપે કોઈ પણ રકમના નાણાનો ચેક આપી કે સીધું નાણું બેન્કમાં ટ્રાન્સફર કરી, તમે સીમ્સ ફાઉન્ડેશનને તમારી મદદ આપી શકો છો તમારી ગિફ્ટ બદલ તમને સ્વીકૃતિ પત્ર આપવામાં આવશે જે તમારે ટેક્સની જરૂરિયાતો માટે સાચવીને રાખવી.

**મલ્ટીયર પ્લેજ :** મલ્ટી-યર પ્લેજ એટલે અમુક નક્કી કરેલ વર્ષો માટે, તમારા માટે યોગ્ય હોય તેટલી ચોક્કસ રકમને હપ્તોથી તમે દાન આપી મદદ કરશો તેવી પ્રતિજ્ઞા દાખલા તરીકે રૂા. ૧૦,૦૦,૦૦૦ દાનમાં આપવાની પ્રતિજ્ઞા, ૫ વર્ષના સમય માટે, દર વર્ષે રૂા. ૨ લાખ આપીને પૂરી થશે. જો કે, આ દાન તમે બીજા અનેક પ્રકારે કરી શકો તેવી રાહત અમે આપી શકીએ છીએ. તમારી સાથે ચર્ચા કરી અમે આ રકમની ચૂકવણીનું માળખું, તમારી જરૂરિયાતોને શ્રેષ્ઠ અનુકૂળ કરે તેવું બનાવી શકીએ છીએ.

**બીક્વેસ્ટસ (ઈચ્છાપત્રથી વસિયત દ્વારા આપેલું દાન) :** તમે તમારી વસિયતમાં પોતાના પરિવાજનો અને પ્રિયજનોને તમારી મિલકતમાંથી જે અને જેટલું આપવુ હોય તે બધુ આપ્યા પછી બાકી વધેલ સંપત્તિ - નાણાંમાંથી, જો ઈચ્છો તો, સીમ્સ હોસ્પિટલના કોઈ તબીબી ક્ષેત્ર અથવા કાર્યક્રમને મદદ કરવા, દાન અથવા ભેટ કરી શકો છો દાખલા તરીકે તમે તમારી વસિયતમાં એવું લખી છો કે હું મારી ઈચ્છાથી સીમ્સ ફાઉન્ડેશન, અમદાવાદ તેના ........... ને રૂા. .......... અથવા ........... ટકા દાન, ભેટ આપી રહ્યો કે રહી છું.

**કોઈપણ રકમ / પ્રકારનું દાન ખૂબ મૂલ્યવાન છે અને સીમ્સ ફાઉન્ડેશન બધા જ દાતાના નામ સીમ્સ ફાઉન્ડેશન ગેલેરીમાં તખ્તિઓ પર લખીને, દાતાનું સન્માન કરે છે.**

સીમ્સ ફાઉન્ડેશન અમારા એ સમર્થકો, કે જેઓ રૂા. ૧ લાખ કે તેનાથી વધુ દાન આપવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને ખાસ નિયુક્તદાન આપે છે,

નિયુક્ત દાન એટલે એ દાન જે દાતા દાન દેતી વખતે નક્કી કરે.




**અમારું માનવું છે કે તબીબી સેવાઓ મેળવવાનો દરેક મનુષ્યનો મૂળભૂત અધિકાર છે.**

સીમ્સ ફાઉન્ડેશન આવકવેરા અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે તેમાં જણાવેલ મર્યાદાઓને આધિન છે અને પ્રમાણિત છે કે ટ્રસ્ટ અથવા સંસ્થાને કરેલ દાન, આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૦જી (૫) હેઠળ કપાત માટે લાયક ઠરે છે, તેમાં જણાવેલ મર્યાદાઓને આધિન.

બધું જ દાન ચેક / કેશ / આરટીજીએસ / એનઈએફટી દ્વારા લેવામાં આવશે.
તમે તમારું દાન ચેક / ડીડી દ્વારા આ નામે મોકલી શકો છો સીમ્સ ફાઉન્ડેશન (CIMS FOUNDATION) જે અમદાવાદ ખાતે ચૂકવવાપાત્ર હોય અથવા સીધું અમારા બેન્ક ખાતામાં પણ જમા કરવી શકો છો.

**નામ : IDBI Bank**
**એકાઉન્ટ નં. : 0067102000026798**
**આઈ.એફ.એસ. કોડ : IBKL0000067**
**બ્રાન્ચ : બોડકદેવ, અમદાવાદ**

**નામ : YES Bank**
**એકાઉન્ટ નં. : 065094600000330**
**આઈ.એફ.એસ. કોડ :** YESB0000650
**બ્રાન્ચ : સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ**

તમારું નાનું યોગદાન કોઈનું જીવન બચાવી શકે છે અને ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે.
જીવન મરણ વચ્ચેનો ફેર, શ્વાસ લેવા અને જીવન જીવવા વચ્ચેનો ફેર.

**વધુ માહિતી માટે સંપર્ક કરો :**

| | |
|---|---|
| **ડૉ. કેયૂર પરીખ** | **(M) +91-98250 26999** |
| **શ્રી જગદીશભાઈ શાહ** | **(M) +91-98795 91335** |
| **સીમ્સ ફાઉન્ડેશન** | **(M) +91-90990 26559** |

સીમ્સ ફાઉન્ડેશન : સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ પાસે, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060, ગુજરાત. ફોન : +91-79-2771 2771-5 ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cimscare.org વેબ : **www.cimscare.org**